# પ્રાંતિજમાં ફરી તસ્કરો ત્રાટક્યા

## સોનીની દુકાનના તાળા તોડી ચોરી કરી ભાગવા જતાં રહિશો જાગી જતાં ચોરેલો મુદ્દામાલ નાંખીને ભાગી ગયા

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. પોલીસ પેટ્રોલીંગ છતાં એક પછી એક ચોરીને અંજામ આપી તસ્કરો પોલીસતંત્રને લપડાક મારી રહ્યા છે. શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચોરીના બનાવો વધતા લોકોમાં પણ ભય ફેલાયો છે. અને જાતે ચોકી પહેરો ભરવો પડે તેવી પરિસ્થિતિ ઉદ્દભવી છે. ત્યારે ગતરાત્રીના સુમારે ચોર ટોળકી શહેરના મેઈન બજારમાં આવેલ સોનીની દુકાન ઉપર ત્રાટકી હતી. પરંતુ અવાજ થતાં સ્થાનિક રહિશો જાગી જતાં તસ્કરોને ચોરેલો માલ મુકીને ઉભી પુંછડીયે ભાગવુ પડ્યું હતું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ શહેરમાં આવેલા જૂના બજાર વિસ્તારની જ્વેલર્સની દુકાનના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અને દુકાનમાં રહેલ સોના-ચાંદીના દાગીના તેમજ કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરી ભાગવાની તૈયારી કરતા હતા તે સમયે બાજુમાં આવેલ મકાનોના રહિશો જાગી જતા તસ્કરોને પડકાર્યા હતા અને ચોર અને રહિશો વચ્ચે પકડાપકડીનો ખેલ સર્જાયો હતો. તે સમયે તસ્કરોએ ચોરેલો મુદ્દામાલ ત્યાં મુકીને ભાગી છુટ્યા હતા. રાત્રીના સમયે શહેરમાં પોલીસ પેટ્રોલીંગ કરતા હોવા છતાં તસ્કરો ચોરીને અંજામ આપી રહ્યા છે. તસ્કરોને જાણે પોલીસનો ડર જ ના હોય તેમ બેફામ બન્યા છે. ત્યારે રાત્રી પેટ્રોલીંગ વધુ સઘન બનાવવામાં આવે તેવી પ્રાંતિજવાસીઓની માંગણી છે.

# હિંમતનગરમાં એચ.પી. કંપની દ્વારા ગેસ કનેકશનોનું ઈન્સ્પેકશન કરાશે

## ગેસ કનેકશનથી થતાં અકસ્માતો ટાળવા કેન્દ્ર સરકારનું પગલું

હિંમતનગર, તા. ૨૩

ગેસ સીલીન્ડર ધારોકોની સલામતીને ધ્યાનમાં રાખી એસ.પી. કંપની દ્વારા દર ૨ વર્ષે કનેકશનોનું ઈન્સ્પેકશન કરવામાં આવે છે. એચ.પી. કંપની દ્વારા ગેસ કનેકશનોનું ઈન્સ્પેકશન હિંમતનગરમાં શરૂ થનાર હોવાનું સાબર ગેસ એજન્સી દ્વારા જાણવા મળેલ છે.

ગેસ કનેકશન ધરાવતા ગ્રાહકોમાં ૯૦ ટકા અકસ્માત હલકી ગુણવત્તાની પાઈપોનો વપરાસ થતો હોવાથી યોગ્ય ઈન્સ્ટોલેશન થયું ન હોવાથી તેમજ સગડીનું સીલીન્ડરથી યોગ્ય અંતર ન રાખવાથી થતું હોય છે. આ અકસ્માતો ટાળવા ગૃહીણીઓની સલામતી માટે ભારત સરકારની સુધા જોષી કમિટીની સૂચના અનુસાર તમામ એલ.પી.જી. વિતરોકોને બે વર્ષમાં એક વખત ગ્રાહકના કનેકશનનું રૂબરૂ ઈન્સ્પેકશન કરવું ફરજીયાત છે. જે વીમા પોલીસથી સુરક્ષિત છે. ભવિષ્યમાં ગેસ સીલીન્ડરથી કોઈ અકસ્માત બને તો વીમા કંપની પાસેથી નુકશાન પેટે વળતર મેળવવા આનિરીક્ષણ ગ્રાહક માટે ઉપયોગી બની રહેશે. ગેસ સગડીની ગરમી અને રસોઈના વઘારના કારણે તેલ ઉડવાથી સગડીને ભરાયેલો પાઈપનો ભાગ નરમ અને ખરાબ થઈ જતો હોય છે. જેનો ગૃહિણીઓને ખ્યાલ આવતો નથી આવી પાઈપ બદલવી જરૂરી હોય છે. કંપનીના માણસો દ્વારા થતા ઈન્સ્પેકશનમાં પાઈપ આઈ.એસ.આઈ. માર્કાની છે કે નહી ઈન્સ્ટોલેશન બરાબર થયું છે કે નહી, સીલીન્ડરથી સગડીનું અંતર યોગ્ય નિયમો -માણે છે કે નહી તેની ચકાસણી કરવામાં આવતી હોય છે. જેમાં દરેક ગ્રાહકે ઈન્સ્પેકશન ચાર્જ રૂ.૭૫ આપવો ફરજીયાત છે.

આ સંદર્ભે હિંમતનગર ખાતે આવેલ સાબર ગેસ એજન્સીના સંચાલક મકબુલ પોથીગરાએ ગ્રાહકો જોગ જણાવ્યું છે કે સાબર ગેસ એજન્સીના ઓળખ કાર્ડ ધરાવતા માણસો ઈન્સ્પેકશન કરવા આવશે. કુંટુંબની સુરક્ષા માટે એચ.પી. કંપની સુરક્ષા પાઈપ વાપરવી હિતાવહ છે. કંપની નિયમો -માણે દરેક ગ્રાહકે રૂ. ૭૫ ઈન્સ્પેકશન ચાર્જ આપવાનો થાય છે. ગેસ સીલીન્ડરના ગ્રાહકનો ડેટા ઓનલાઈન્ થઈ ગયો છે. જે ગ્રાહકે ઈન્સ્પેકશન કરાવ્યું હશે તેનો ગ્રાહકના ઓનલાઈન ડેટામાં ઉલ્લેખ કરાશે. અને તેજ ગ્રાહકના ખાતામાં ગેસ સીલીન્ડરની સબસીડી જમા થશે અને કનેકશન ચાલુ રહેશે. ઓનલાઈન ડેટાના કારણે ઈન્સ્પેકશન કરાવ્યુ ન હોય તે ગ્રાહકનું કનેકશન કંપની બંધ ન કરે અને સબસીડીનો લાભ મળે તે માટે દરેક ગ્રાહકને ઈન્સ્પેકશન કરાવવા સહકાર આપવા સાબર ગેસ એજન્સી દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# બનાસકાંઠા જિલ્લા પોલીસવડા દ્વારા વાડીયા ખાતે સુધારણા કાર્યક્રમ યોજાયો

## એશિયાભરમાં દેહવિક્રયમાં બનાસકાંઠાનું વાડીયા બદનામ થયું છે

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠા જિલ્લાના છેવાડાના તાલુકા થરાદ તાલુકાનું વાડીયાગામ. જે બુદ્ધનગર તરીકે જણાતુ હતુ. જે અત્યારે વાડીયા તરીકે ઓળખાય છે. જ્યાં ગામની મહિલાઓ દ્વારા તથા પરીવારના મોવડીઓ દ્વારા દેહવ્યપારનો ધંધો કરાવાય છે. જે સમાજને ગુમરાહ કરી રહ્યા છે. જ્યાં બ.કા. જિલ્લા પોલીસ વડા દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત વાડીયા ખાતે સુધારણા કાર્યક્રમ યોજીને દેહ વિક્રીય ધંધો બંધ કરાવવા પગલુ ભરવામાં આવેલ છે.

થરાદ તાલુકાનું બહુ જ ચર્ચીત વાડીયા ગામ દેહ વિક્રીયના ધંધા માટે સમગ્ર એશિયામાં બદનામ થયું છે. રાજ્ય સરકાર દ્વારા સ્વેચ્છીક સંસ્થાઓએ ઉપરોક્ત બદનામીનો ધંધો બંધ કરાવવા કમર કસી છે. જ્યારે બ.કા. જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવે સુરક્ષા સેતુ અંતર્ગત વાડીયા ગામે સુધારણા કાર્યક્રમ ૨૦૧૩ને લઈને સમગ્ર મીડીયા અને આગેવાનો સાથે વાડીયા ગામેની મુલાકાત લઈને વિકાસને વેગ આપવાનો જિલ્લા પોલીસ વડા દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. ગામના લોકો જે સરાણીયા કોમના છે. જે આ દેહ વિક્રયના ધંધામાંથી બહાર આવે. તે માટે પહેલી જુલાઈથઈ ગામમાં હંગામી ધોરણે પોલીસ ચોકી પણ ઉભી કરવામાં આવેલ છે. અને ગામમાં પ્રવેશતા વાહનોની તથા વ્યક્તિઓની તપાસ હાથ ધરવામાં આવે છે. ગતરોજ જિલ્લા પોલીસ વડાએ સુરક્ષા સેતુ અંતર્ગત સમાજ સુધારણા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. યાદવે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ થકી આ ગામના લોકોને સુધારવા માટેની છેલ્લી તક આપવામાં આવે છે. ગામમાં સ્વૈચ્છીક સંસ્થાની મહિલાનો વિરોધ હતો જે આવતા કાર્યક્રમમાં ભારે હોબાળો સર્જાયો હતો. અને બે ગ્રુપ પડી ગયા હતા. પોલીસ વડાએ મધ્યસ્થી બનીને મામલો થાળે પાડ્યો હતો.



મંત્રી બાબુભાઈ બોખિરીયાને મંત્રી મંડળમાંથી રૂખસત આપવા બાબતે કૉંગ્રેસ દ્વારા રાજ્યપાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ તાલુકામાં વિશ્વ વસતી પખવાડિયાની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૨૩

સમગ્ર વિશ્વમાં તા. ૧૧ જુલાઈના દિવસે વિશ્વ વસ્તીદિન તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે પ્રાંતિજ શહેર તેમજ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ઉચ્ચ અધિકારીઓ ડૉ. મનિષ ફેન્સી તથા ડૉ. ગૌતમ નાયકની દોરવણી હેઠળ ગત તા. ૧૧ જુલાઈથી તા. ૨૪ જુલાઈ-૨૦૧૩ દરમ્યાન વિશ્વ વસ્તી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણી દરમ્યાન સમગ્ર પખવાડિયામાં તાલુકા તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા પેટા કેન્દ્રો પર વસ્તી શિક્ષણને લગતા પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા. તથા જુદા જુદા ગામોમાં લઘુ શિબિરો, ગુરુ શિબિરો જેવા શૈક્ષણિક મેળાવડા યોજી તેમાં દંપિઓને વસ્તી શિક્ષણ પુરૂ પાડવામાં આવ્યું.

આ લોક જાગૃતિની ઝુંબેશ દરમ્યાન તાલુકાના તમામ તબીબી અધિકારીઓના સંકલનમાં રહી આરોગ્ય કર્મચારીઓએ પોતાની ફિલ્ડવિઝીટ દરમ્યાન વિવિધ આરોગ્યલક્ષી લોક જાગૃતિના કાર્યક્રમો દ્વારા 'નાનો પરિવાર-સુખી પરિવાર'થી થીમને સાર્થક કરવા ઘનિષ્ઠ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા અને દરેક દંપતિને પોતાના પરિવાર નાનો રાખી સમૃદ્ધ કરવા કુટુંબ નિયોજનની કાયમી પદ્ધતિઓ તથા બિન કાયમી પદ્ધતિઓ અપનાવવા પર ભાર મુકવામાં આવ્યો.

આમ સમગ્ર પખવાડિયા દરમ્યાન કુટુંબ નિયોજનની તમામ પદ્ધતિઓનો લોકો મહત્તમ લાભ લે તે માટે બેનર્સ તથા પ્રચાર પત્રિકાઓ દ્વારા ઘનિષ્ઠ પ્રયત્નો હાથ ધરી વિશ્વ વસ્તી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી.



સરકારી ઈજનેરી કોલેજમાં તાજેતરમાં ટેકનો ઈન્વાયરમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત ૮૦૦ થી વધુ છોડવાઓ રોપી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિને વેગ અપાયો તથા સ્ટુડન્ટ સોસાયટી ઓફ મેટલર્જી ઈજનેરી ગાંધીનગર દ્વારા પ્રથમ સોવિનિયર 'મેમોરિકા'નો વિમોચન કાર્યક્રમ યોજાઈ ગયો. સમગ્ર કાર્યક્રમમાં મેટલર્જી ખાતાના વડા ડૉ. જી.એચ. ઉપાધ્યાય અને આચાર્યા રાજુલ ગજ્જર વિદ્યાર્થી પ્રતિનિધિ અને એસ.એસ.એમ.ઈ.જી. સેક્રેટરી મેમોરિકા કન્વીનર વિરાજ વ્યાસે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# ખેડબ્રહ્મા ખાતે આર.એસ.એસ. દ્વારા ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા શહેર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ગત તારીખ ૨૩ જુલાઈને સોમવારના રોજ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના સભાખંડમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ-સમર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા સંઘ ચાલક જયંતીભાઈ નાઈ, જયંતભાઈ ઉપાધ્યાય, જિલ્લા ભાજપના મહામંત્રી જશુભાઈ જે. પટેલ, શહેર ભાજપના પ્રમુખ નારાયણદાસ બારોટ સહીત આર.એસ.એસ.ના સ્વયંમસેવકો ઉપસ્થિત રહ્યા હતા. ગુરુપૂર્ણિમા નિમિત્તે પરમ ભગવા ધ્વજનું પૂજન અર્ચન કરાવતા જિલ્લા સંઘ ચાલક નાઈએ જણાવ્યું હતું કે શ્રેષ્ઠ વસ્તુનું પૂજન એટલે ગુરુ પૂજન આપણે પરમ ભગવા ધ્વજનું પૂજન કરી રાષ્ટ્રને પરમ વૈભવ સ્થાને લઈ જવા કટીબદ્ધ થઈએ. આ કાર્યક્રમાં ખેડબ્રહ્મા તાલુકાના કાર્યવાહક વિક્રમભાઈ વાઘેલા, સુરેશભાઈ ભાનુશાળી તથા શંકરભાઈ ખટીક ઉપસ્થિત રહ્યા હતા.



**પાલનપુર તાલુકા પોલીસમથક પાસે રૂ. ૩૦ લાખના વિદેશી દારૂનો નાશ કરાયો**

પાલનપુર શહેરના પૂર્વ અને પશ્ચિમ પોલીસ મથકે ઝડપેલો ૧૦ હજાર જેટલી વિદેશી દારૂની બોટલોનો ગતરોજ સબડીવીઝનલ મેજીસ્ટેટ અને ડીવાયએસપીની ઉપસ્થિતિમાં દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# હટાવેલાં દબાણ પુનઃ સ્થપાય તો એસઓની સામે કડક પગલાં લેવાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને કાયદો અને વ્યવસ્થાની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, ગાંધીનગરના અનેક સેકટરોમાં દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ પુન: દબાણ થઈ જાય છે. હવે, દબાણ દૂર કર્યા બાદ ફરથી તે જગ્યાએ દબાણ ન થાય તેનું ધ્યાન સેકટરની સુવિદ્યા કેન્દ્રના એસ.ઓએ રાખવાનું રહેશે. તેમ છતાં દબાણ થાય તો એસ.ઓ સામે કડક પગલા ભરવામાં આવશે. તે ઉપરાંત ગાંધીનગરની હદમાં આવતા નદીના વિસ્તારમાંથી રેતીની ચોરી કરતા પકાડાયેલા વાહનનોના ચાલકોના રજીસ્ટ્રેશન મોકૂફ રાખવા સુધીની કાર્યવાહી કરવાની અને બ્રિજ નજીકથી રેતી લેતાં વાહનો સામે પણ પોલીસ ફરિયાદ નોંધવાની સૂચના પણ સંબંધિત અધિકારીશ્રીઓને આપી હતી. ગાંધીનગર શહેરમાં બનાવવામાં આવેલા ફૂટપાથ પર ઘણા ટુ-વ્હીલર ચાલકો વાહન ચલાવતા હોય છે. તેમને આમ કરતા રોકવા માટે ફૂટપાથની શરૂઆતે વાહન ન ચઢી શકે તેવી વ્યવસ્થા કરવા પણ સૂચના આપી હતી. તેમજ ગાંધીનગરમાં માર્ગો પર અકસ્માતની ઘટના નહિવત બને તે માટે જરૂરિયાત પડે ત્યાં બમ્પ બનાવવા પણ ભાર પૂર્વક જણાવ્યું હતું. તેમજ સેકટર-૨૧ના શાક માર્કેટ નજીક પાર્કિંગની સમસ્યા થતી હોવાથી ખુલ્લી પડેલ જગ્યાએ નવી પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવા સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. તેમજ ટ્રાફિક, પાર્કિંગ અને અકસ્માત જેવી સમસ્યા ઘટાડવા જિલ્લા -ભારી સચિવશ્રીની સૂચના મુજબ એક કમિટિની પણ ટુંક સમયમાં રચના કરવા પણ જણાવ્યું હતું.

ગેસ્ટ હાઉસના માલિકો દ્વારા રોકાવવા આવતા વ્યક્તિઓની ઓળખ કરવામાં આવે છે કે નહિં, તેમજ રજીસ્ટ્રર જાહેરનામા મુજબ નિભાવવામાં આવે છે કે નહિં તેનું ચેકીંગ કરવાની પણ સુચના આપી હતી. આ ચેકીંગ દરમ્યાન ગેસ્ટ હાઉસમાં રૂમોનું ભાવનું પત્રક, સીસી ટીવી કેમેરા જેવી બાબતોનું પણ નિરીક્ષણ કરવા સંબંધિત અધિકારીશ્રીઓને ખાસ ભાર પૂર્વક જણાવ્યું હતું. ગાંધીનગરમાં ચાલતી કન્સ્ટ્રકશન સાઈડ પર કામ કરવા આવતાં મજૂરોની રહેવાની અને સેનેટરીની વ્યવસ્થા ઉભી કરવા જે તે કોન્ટ્રાકટરોને સૂચના આપવા પણ જણાવ્યું હતું.

# આજે વલ્લભધામ ખાતે સુરંગના હિંડોળા

ગાંધીનગર, તા.૨૩

શ્રીજી શ્રી ગોવર્ધન નાથજીની હવેલી વલ્લભધામ સેકટર-૨૧, ગાંધીનગર ખાતે હિંડોળામાં ઠાકોરજીને આજે તા. ૨૪મી જુલાઈથી ૨૨મી ઓગષ્ટ સુધી ઝુલાવવામાં આવશે. આજે અષાઢ વદ-૨ના રોજ સુરંગના હિંડોળા યોજાશે.

## જિલ્લા પંચાયત

● પહેલા પાનાનું ચાલુ

અને પુષ્પગુચ્છ આપી તેમને વધાવ્યા હતા. સૌ પ્રથમ કોંગ્રેસ પક્ષના સભ્યોએ તેમને અભિનંદન આપ્યા હતા આ પછી વિપક્ષના નેતા શકુંતલાબેન પટેલ અને અન્ય વિપક્ષી સભ્યો શ્રી જયેશ પટેલ, શ્રી નવિનભાઈ પટેલ, ડાહીબેન ઠાકોરે અભિનંદન આપ્યા હતા.

શ્રીમતિ હીના પટેલના કાર્યાલયના સૂત્રોના જણાવ્યાનુસાર તેઓ ગુરૂવારે કોંગ્રેસના આગેવાનો, વરિષ્ટો અને કાર્યકર્તાઓની હાજરીમાં વિજયમુહૂર્તમાં સત્તાવાર હોદ્દો સંભાળશે.

વિજેતા બન્યા બાદ પત્રકારો સાથેની ટુંકી વાતચીતમાં શ્રીમતિ પટેલે તેમનામાં વિશ્વાસ મુકવા બદલ સૌ નેતાઓ અને જિલ્લા કોંગીના મોભીઓનો તેમજ પંચાયતના સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધી તેઓ સભ્ય હતા અને હવે જિલ્લાના બન્યા છે. જિલ્લાનો સર્વાંગી વિકાસ એ જ તેમનું લક્ષ્ય છે. પેયજળનો મુદ્દો એ અગ્રતા રહેશે આ સાથે સાથે આરોગ્ય અને શિક્ષણ થકી સર્વાંગી વિકાસમાં તેઓ આગેકદમ કરશે.

## શબ્દાવલી - ૫૧૨૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૩ | ૪ | ■ | ૪ |
| | ■ | ■ | ૫ | | | | |
| ૬ | ૭ | ૮ | | ■ | | ■ | |
| ■ | ૯ | | | ■ | ૧૦ | ૧૧ | |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | ■ | | |
| | ■ | ૧૪ | ૧૫ | | | | ■ |
| | ■ | ૧૬ | | | ■ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | | ■ |

### આડી ચાવી

૧. દુકાળ (૩)
૨. સવાર, પરોઢ (૨)
૫. માલદાર, ધનવાન (૫)
૬. નાજુકતા, કુમળાશ (૪)
૯. પોચું, ઢીલું (૩)
૧૦. અમેરીકન ચલણી નાણું (૩)
૧૨. આંખમાં રહેલું ગોળ કાળુ ટપકું જેનાથી જોવાની ક્રિયા થાય (૨)
૧૪. હુતાશણી, ઉત્તરાણ (૫)
૧૬. બનાટ, ગાલીચો (૩)
૧૭. એક નદીનું નામ (૨)
૧૮. ઘણી નિશાળોમાં ત્રણ ત્રણ... પડે (૩)
૧૯. ચકમક, તિખારા (૩)

### ઊભી ચાવી

૧. ... વહી જો પિયા મન ભાયે (૩)
૨. શંકર, મહાદેવ (૨)
૩. લાલાશ પડતો (૪)
૪. ફરફર, ઝીણો વરસાદ (૪)
૫. શોક (૩)
૭. જનક રાજાની પુત્રી (૩)
૮. વેરો, લાગો (૨)
૧૧. લક્ષ્મણે સીતાજી માટે દોરેલી લાઈન (૫)
૧૨. ઠીક કરવું, રીપેરીંગ (૪)
૧૪. અજવાશ, અજવાળુ (૩)
૧૫. સુગંધી ખાવાલાયક લાકડુ (૨)

### શબ્દાવલી ૫૧૨૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચાલાક (૫) રમા (૬) કોપાયમાન (૮) કોપરેલ (૯) કલાપી (૧૧) નાવ (૧૨) ન્યાત (૧૩) કડુ (૧૪) રન (૧૫) મસાણ (૧૭) કેદ (૧૮) લાકડી (૧૯) સમુકુ (૨૧) લત (૨૨) જવનિકા

**ઊભી ચાવી :-** (૧) ચારણકન્યા (૨) લામા (૩) કોયલ (૪) વનરાવન (૬) કોપ (૭) પારેવડુ (૮) કોપી (૧૦) લાતમલાત (૧૧) નારદમુનિ (૧૩) કણકી (૧૬) સાડ (૧૭) કેસવ (૨૦) કુકા

## મેઘરાજાની મહેર...

● છેલ્લા પાનાનું ચાલુ

થોડાક છાંટા શરૂ થયા હતા. મોડીરાત્રે બાર વાગ્યા પછી વરસાદ વરસવો શરૂ થયો હતો. લગભગ બે ત્રણ કલાક સુધી સતત ધીમી ધારે વરસાદ ચાલુ રહ્યો હતો. વહેલી સવારે વરસાદ બંધ થયો હતો. આ દરમિયાન એકાદ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો અને વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી.

જો કે આજે સવારે તડકો નીકળતા પુનઃ થોડોક બફારો અનુભવાયો હતો. દક્ષિણ ગુજરાતમાં પડી રહેલા વરસાદ બાદ હવે એવી આશા જાગી છે એકાદ બે દિવસમાં ગાંધીનગરમાં પણ સારો વરસાદ પડશે. ગાંધીનગર જિલ્લામાં કલોલમાં ૩૯ મી.મી. દહેગામમાં ૫૩ મી.મી., માણસામાં ૩૫ મી.મી. અને ગાંધીનગરમાં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## ભાવિ પલટાયું...

● છેલ્લા પાનાનું ચાલુ

ઉમેદવારને ૩૪૬-૩૪૬ મત મળ્યા હતા. જ્યારે ૪ મત રદ થયા હતા. આચાર્યોના મતદાનમાં પણ મત રદ થવાની ઘટનાથી સૌ હલબલી ઉઠ્યા હતા.

બન્ને ઉમેદવારને મત સરખા થતાં ગણતરીદારોએ પુનઃ એકવાર ગણતરી કરી ખાત્રી કરી લીધી હતી. આ પછી ચૂંટણી અધિકારી શ્રી જોશીને તેની જાણ કરી હતી. શ્રી જોશી પણ મતગણતરીના સ્થળે દોડી ગયા હતા અને તેમણે ચકાસણી તેમજ ગણતરી કરી હતી. આમ માધ્યમિક શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પહેલીવાર બન્ને ઉમેદવારને સરખા મત મળ્યા હતા.

આ પછી માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમોની જોગવાઈને ધ્યાને રાખી ચિઠ્ઠી ઉછાળી વિજેતા ઉમેદવારની ઘોષણા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે માટે બન્ને ઉમેદવારોએ સંમતિ આપી હતી. આ પછી ચિઠ્ઠીઓ ઉછાળવામાં આવતાં શ્રી ભરત ચૌધરીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

મતગણતરીમાં આચાર્ય સંવર્ગની આ ગણતરીએ સૌનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ. શ્રી ચૌધરીને વિજયી જાહેર કરતાં જ શ્રી પટેલે તેમને વિજયના વધામણા કરાવ્યા હતા. શ્રી પટેલે આ ચૂંટણીમાં સાથ સહકાર આપનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તન-મનથી જે લોકોએ મારા પ્રત્યે લાગણી બતાવી છે તેને વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી. મળેલા મત એ મારા પ્રત્યે વ્યક્ત કરેલી શ્રદ્ધા છે અને તે શ્રદ્ધાને હું ક્યારેય એળે નહિ જવા દઉ.

# હાઈકોર્ટ ચુકાદા સામે સરકાર સુપ્રિમમાં જશે

ગુજરાત હાઈકોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જેઈઈની પરીક્ષાના પર્સેન્ટાઈલના આધારે એન્જિનીયરીંગ ફાળવાયેલ ૬૬,૦૦૦ પ્રવેશ રદ કરી નવેસરથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા માટે હુકમ કર્યો છે જો કે હાઈકોર્ટના આ ચુકાદાના કારણે એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવી ચુકેલ રાજ્યનાં અંદાજે ૬૬,૦૦૦ વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ મુકાઈ ગયો છે જેના કારણ ગુજરાત સરકાર હાઈકોર્ટના આ ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારવાની જાહેરાત કરી છે.

## પ્રવેશ પ્રક્રિયા ...

● પહેલા પાનાનું ચાલુ

પ્રવેશ પ્રક્રિયામાં પોતાને અન્યાય થતો હોવાના આક્ષેપ સાથે સમગ્ર પ્રવેશ પ્રક્રિયાને હાઈકોર્ટમાં પડકારી હતી. ગુજરાત હાઈકોર્ટે બંને પક્ષોને સાંભળ્યા બાદ આજે પોતાનો ચુકાદો જાહેર કર્યો હતો. આ ચુકાદામાં હાઈકોર્ટે જેઈઈ પર્સેન્ટાઈલના આધારે કરવામાં આવેલ પ્રવેશ પ્રક્રિયાને ગેરબંધારણીય ગણાવી પ્રવેશ રદ કરવા હુકમ કર્યો છે. કોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું છે કે આ પ્રકારની પ્રવેશ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓના માનવ અને બંધારણીય હકોનું હનન થાય ચે જેથી આ પ્રક્રિયાના આધારે ફળવાયેલ પ્રવેશ રદ કરવા અને વિદ્યાર્થીઓના બોર્ડની પરીક્ષાના પર્સેન્ટેજના આધારે નવેસરથી પ્રવેશ ફાળવવા આદેશ કર્યો છે. જેમાં પ્રવેશ સમિતિએ નવું મેરીટ લીસ્ટ હાઈકોર્ટના આદેશ મુજબ બનાવવાનું રહેશે. હાઈકોર્ટના આ આદેશના પગલે એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવી ચુકેલ અંદાજે ૬૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ મુકાઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત બોર્ડ સેન્ટ્રલ બોર્ડ અને આઈસીએસસીના વિદ્યાર્થીઓને પહેલા એન્જિનીયરીંગમાં પ્રવેશ પરીક્ષા અને બોર્ડની પરીક્ષામાં મેળવેલ પર્સન્ટેજના આધારે પ્રવેશ ફળવાયો હતો.

**જાહેર નિવિદા**

સરકારી પોલીટેકનીક સેકટર-૨૬, કેમ્પસ ગાંધીનગર ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૨૯-૭-૨૦૧૩ના રોજ બપોરે ૩.૦૦ કલાકે સંસ્થા ખાતે સેકટર-૨૬માં રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

**માહિતી/૮૩૯/૧૩-૧૪** આચાર્ય, સ.પો. ગાંધીનગર

**જાહેર નિવિદા**

અત્રેની કચેરીના ઉપયોગ સારું કોપીયર પેપરનો માસિક ૧૦૦ રીમની સરેરાશથી વાર્ષિક જરૂરીયાત મુજબ વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન અંદાજે ૧૨૦૦ રીમ ખરીદવાના હોવાથી રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી આ જાહેરાત પ્રસિદ્ધ થયે દિન-૭માં સિલબંધ કવરમાં ભાવપત્રક તેમજ કોપીયર પેપરનો નમૂનો અને કોપીયર પેપરના બ્રાન્ડના નામ દર્શાવી નીચે જણાવેલ સરનામે મોકલી આપવા.

નાયબ નિયામક (PLM-5)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, સેકટર-૧૮, ગાંધીનગર

**માહિતી/૮૩૮/૧૩-૧૪**